Paper Code - 3670

B.R.S Semester-III
July-Septermber-2021
Rural Extension & Social Re-Construction

કુલ સમય :– : ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૩૫** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૨૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૨૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

(૧) ભારતમાં સામાજિક વિકાસને વેગ આપવા કઈ સંસ્થા કાર્ય કરે છે?

(A) ICSSR (B) ICAR (C) INAS (D) GGCR

(૨) નીચેનામાંથી કયાં વિજ્ઞાનના લક્ષણો છે?

(A) વિજ્ઞાન અનુભવલક્ષી છે અને તર્કશાસ્ત્રીય છે (B) વિજ્ઞાન કથાન્તક છે અને અમૂર્ત છે

(C) વિજ્ઞાન ચકાસણીજન્ય છે (D) ઉપરના બધા જ

(૩) સંશોધન એટલે શું?

(A) નવું જ્ઞાન મેળવવાનો પદ્ધતિસરનો પ્રયાસ (B) હકીકતોની શોધ અને ચકાસણી

(C) સમસ્યાનું કારણ અને ઉકેલ શોધવાની ક્રિયા (D) ઉપરના બધા જ

(૪) નીચેનામાંથી કઈ બાબત સામાજિક સંશોધનને લાગુ પડે છે?

(A) નવા બિયારણો તૈયાર કરે છે, શોધ કરે છે.

(B) નવા જંતુનાશકો તૈયાર કરી ઉપયોગની નવી પદ્ધતિઓ શોધે છે.

(C) દહેજ પ્રથા/ઘૂંઘટ પ્રથા/બાળ વિવાહ અટકાવે છે

(D) પશુઓ માટે નવી રસીઓની શોધ કરે છે

(૫) જ્ઞાન એટલે શું?

(A) અનુભવો-હકીકતો-જાણકારી (B) વિચારો-ખ્યાલ-માહિતી-સમજણ (C) કૌશલ્યો-ખબર (D) ઉપરના બધા જ

(૬) ICSSR નામની સંશોધન સંસ્થા ક્યારે સ્થપાઈ?

(A) 1969 (B) 1959 (C) 1989 (D) 1979

(૭) ગૌણ માહિતીનો સ્ત્રોત કયો છે?

(A) ક્ષેત્ર નિરીક્ષણ (B) પ્રવાસ પર્યટન (C) દસ્તાવેજી (D) મુલાકાત

(૮) વાસ્તવિક સામાજિક જીવન જાણવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે?

(A) પ્રશ્નાવલી પદ્ધતિ (B) ટેલીફોન પદ્ધતિ (C) નિરીક્ષણ પદ્ધતિ (D) અનુસૂચી પદ્ધતિ

(૯) સામાજિક સંશોધન હેતુ કયો છે?

(A) હકીકતોની શોધ ચકાસણી કરવી (B) હકીકતો વચ્ચેનો સંબંધ શોધવો

(C) વૈજ્ઞાનિક સિદ્ધાંત સ્થાપવો (D) ઉપરના બધા જ

(૧૦) નીચેનામાંથી કઈ માહિતી એકત્રીકરણની પદ્ધતિ નથી?

(A) નિરીક્ષણ (B) મુલાકાત (C) ઉપકલ્પના (D) પ્રશ્નાવલી

(૧૧) મુલાકાતને અંગ્રેજીમાં શું કહેવામાં આવે છે?

(A) Interview (B) Observation (C) Questionnaire (D) Social survey

(૧૨) સમગ્ર રાષ્ટ્રીય સમાજ પ્રત્યેની વફાદારી અને ફરજોની ભાવના નબળી પડવાની પ્રક્રિયાને શું કહેવામાં આવે છે?

(A) સામાજિક અર્થઘટન (B) ધાર્મિક વિઘટન (C) આર્થિક વિઘટન (D) સામાજિક વિઘટન

(૧૩) 'વ્યક્તિ અભ્યાસ' કેસ સ્ટડીમાં કયા પ્રકારની માહિતીનો સમાવેશ થાય છે?

(A) અંગત દસ્તાવેજ (B) સરકારી દસ્તાવેજ (C) બિન સરકારી દસ્તાવેજ D) સાર્વજનિક દસ્તાવેજ

(૧૪) સંશોધકે સંશોધન વિષયના અનુસંધાનમાં પહેલેથી રચેલા મુદ્દાઓ અને પેટા મુદ્દાઓની યાદી ને શું કહેવામાં આવે છે?

(A) પ્રશ્નાવલી (B) મુલાકાત માર્ગદર્શિકા (C) અનુસૂચી (D) ઉપરનું એકપણ નહિ

(૧૫) સંશોધકે પ્રત્યક્ષ રીતે જ જાતે સૌપ્રથમવાર એકત્ર કરેલી માહિતીને કયા પ્રકારની માહિતી કહેવામાં આવે છે?

(A) ગૌણ માહિતી (B) પ્રત્યક્ષ માહિતી (C) અસ્તવ્યસ્ત માહિતી (D) ઉપરનું એકપણ નહિ

(૧૬) ક્ષેત્રીય સ્ત્રોત એટલે?

(A) જે તે વિસ્તારના લોકો પાસેથી મેળવવામાં આવતી માહિતી (B) પ્રશ્નાવલી દ્વારા મેળવાતી માહિતી

(C) A અને B બંને (D) ઉપરનું એકપણ નહિ

(૧૭) પ્રશ્નપત્રકના ઉપયોગ દ્વારા પ્રશ્નોના ઉત્તરો મેળવવાની એક પ્રયુક્તિને શું કહેવાય છે?

(A) પ્રશ્નાવલી (B) અનુસૂચી (C) A અને B બંને (D) ઉપરનું એકપણ નહિ

(૧૮) કઈ પદ્ધતિથી માહિતી અભણ લોકો પાસેથી મળતી નથી?

(A) નિરીક્ષણ પદ્ધતિ (B) પ્રશ્નાવલી પદ્ધતિ (C) મુલાકાત પદ્ધતિ (D) મુલાકાત માર્ગદર્શિકા

(૧૯) કુટુંબ નિયોજન વિશે તમે શું માનો છો? આ પ્રશ્નનો પ્રકાર જણાવો.

(A) પ્રતિબંધિત પ્રશ્ન (B) અપ્રતિબંધિત પ્રશ્ન (C) પ્રત્યક્ષ પ્રશ્ન (D) પરોક્ષ પ્રશ્ન

(૨૦) પહેલેથી જ જવાબો નક્કી હોય તેવા પ્રશ્નને કયા પ્રકારના પ્રશ્ન કહેવાય છે?

(A) પ્રતિબંધિત પ્રશ્ન (B) અપ્રતિબંધિત પ્રશ્ન (C) પ્રત્યક્ષ પ્રશ્ન (D) પરોક્ષ પ્રશ્ન

(૨૧) નીચેનામાંથી શાનો સંદર્ભ પુસ્તકો તરીકે સમાવેશ થાય છે

(A) શબ્દકોષ–જ્ઞાનકોષ (B) ઇયરબુક્સ (C) બાયોગ્રાફીકલ ડીક્ષનરીજ (D) ઉપરના બધા જ

(૨૨) નીચેનામાંથી કયું સાહિત્ય 'માસિક' છે?

(A) કૃષિજીવન (B) ગૌવિદ્યા (C) યોજના (D) ઉપરના બધા જ

(૨૩) સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતા નાના નમૂનાને સંશોધનની ભાષામાં શું કહેવામાં આવે છે?

(A) ખ્યાલ (B) ઉપકલ્પના (C) નિદર્શ (D) સમષ્ટિ

(૨૪) જે જૂથમાંથી નિદર્શની પસંદગી કરવામાં આવી હોય તે સમગ્ર જૂથને સંશોધનની ભાષામાં શું કહે છે?

(A) ખ્યાલ (B) સમષ્ટિ (C) ઉપકલ્પના (D) નિદર્શ

(૨૫) માહિતીને ઉભી પંક્તિઓમાં અને આડી હારોમાં વ્યવસ્થિત રીતે ગોઠવવાની પદ્ધતિને શું કહેવામાં આવે છે?

(A) અર્થઘટન (B) વિભાજન (C) કોષ્ટકીકરણ (D) વિશ્લેષણ

(૨૬) નીચેનામાંથી કઈ રીતે માહિતીની ચિત્રાત્મક રીતે રજૂઆત કરી શકાય છે?

(A) દંડ આકૃતિ દ્વારા (B) વર્તુળ આકૃતિ દ્વારા (C) રેખા આકૃતિ દ્વારા (D) ઉપરની બધી જ રીતે

(૨૭) સમષ્ટિના બધા એકમને નિદર્શનમાં પસંદગી પામવાની તક ન મળતી હોય ત્યારે તેવા નિદર્શનને શું કહેવાય છે?

(A) બિનયદચ્છ નિદર્શન (B) યદચ્છ નિદર્શન (C) પદ્ધતિસરનું યદચ્છ નિદર્શન (D) સ્તરીક યદચ્છ નિદર્શન

(૨૮) સમષ્ટિના બધા એકમને નિદર્શનમાં પસંદગી પામવી પૂર્ણ તક મળે તેવા નિદર્શનને શું કહેવામાં આવે છે?

(A) યદચ્છ નિદર્શન (B) આકસ્મિક નિદર્શન (C) ઉપલભ્ય નિદર્શન (D) હેતુલક્ષી નિદર્શન

(૨૯) ગુડ્ડે અને હટ્ટે યદચ્છ નિદર્શ મેળવવાની કઈ પ્રયુક્તિ આપી છે?

(A) સમાન સ્વરૂપની ચિઠ્ઠીનો ઉપયોગ (B) યદચ્છ નંબરોવાળા ટેબલનો ઉપયોગ

(C) નિશ્ચિત અંતરની પ્રયુક્તિ (D) ઉપરના બધી જ

(૩૦) માહિતી એકત્રીકરણ કરવાની પદ્ધતિ કઈ છે?

(A) નિરીક્ષણ (B) મુલાકાત (C) પ્રશ્નાવલી (D) ઉપરની બધી જ

(૩૧) "સમાજજીવનમાં સોચ-સમજણ પૂર્વકનો ફેરફાર કરવો હોય તો સમાજશાસ્ત્ર વિના ચાલે નહીં" - આ વિધાન કયા સમાજશાસ્ત્રીએ કહેલું છે?

(A) ગુડ્ડે – હટ્ટે (B) ડૉ. પ્રો. ગોપાલ (C) રેડમન – થોરી (D) ડૉ. એ. આર. દેસાઈ

(૩૨) સામાજિક સંશોધન ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થા કઇ છે?

(A) ભારત સરકારનો શિક્ષણ વિભાગ (B) UGC (C) ICSSR (D) ઉપરની બધી જ

(૩૩) મુલાકાત પદ્ધતિમાં વાત-ચીતનો પ્રારંભ કોણ કરે છે?

(A) સંશોધક (B) સરપંચ (C) ઉત્તરદાતા (D) ફોટોગ્રાફર

(૩૪) "ઉપકલ્પના એ એક એવું કામચલાઉ સામાન્યીકરણ છે. જેની યર્થાથતા ચકાસવાની બાકી છે" તેવી કયા સમાજ શાસ્ત્રીએ વ્યાખ્યા આપી છે?

(A) વેબસ્ટર (B) બ્લેક (C) લુન્ડબર્ગ (D) શ્રીમતી યંગ

(૩૫) સામાજિક સંશોધનના તારણો પરથી સરકારશ્રીએ કઈ યોજનાઓ દાખલ કરેલ છે?

(A) "મા" અમૃતમ અને "મા" વાત્સલ્ય યોજના

(B) "બેટી બચાવો - બેટી પઢાઓ" યોજના

(C) "મધ્યાહન ભોજન" યોજના

(D) ઉપરની બધી જ